નં.મક/આવિ/૯૭૫/૧૫
મદદનીશ કમિશ્નરની કચેરી
આદિજાતિ વિકાસ,
સી બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન,
નાનપુરા, સુરત
ફોન/ફેક્ષ નં.(૦૨૬૧)૨૪૭૬૧૮૧
Email- vosurat@gmail.com
તા. 3/3/૧૫

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી
સુરત

વિષય- અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓના આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ ખોલાવવા સબંધી પરીપત્ર વેબસાઇટ પર મુકવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય અંગે જણાવવાનુ કે, અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓના આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ ખોલાવવા સબંધી સુરત જિલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓને જાણ કરતો પરીપત્ર આ સાથે મોકલાવેલ છે. જે આપશ્રી ની વેબસાઇટ પર મુકવા વિનંતી છે.

બિડાણ – પરીપત્ર

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
સુરત

Kosanbia computer/desk top/devyani/m.s.k.letter

અગત્યનુ

સમય મર્યાદા

નં.મક/આવિ/૯૭૬ /૧૫

મદદનીશ કમિશ્નરની કચેરી

આદિજાતિ વિકાસ,

સી બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન,

નાનપુરા, સુરત

ફોન/ફેક્ષ નં.(૦૨૬૧)૨૪૭૬૧૮૧

Email- yosurat@gmail.com

તા. 3/3/૧૫

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ કોલેજ

સુરત શહેર તથા ગ્રામ્ય

વિષય- અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓના આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ ખોલાવવા બાબત

જયભારત સહ ઉપરોક્ત વિષય અંગે જણાવવાનુ કે, તા.૨૦/૨/૧૫ ના રોજ માન.કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ના અધ્યક્ષ સ્થાને થયેલ વિડિયો કોન્ફરન્સમા આપવામા આવેલ સુચના અનુસાર આગામી વર્ષ ૨૦૧૫-૧૬ વર્ષમા કેન્દ્ર સરકારશ્રી દ્વારા કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને ચુકવવામા આવનાર શિષ્યવૃત્તિ તેઓના બેંક એકાઉન્ટમા સીધી જમા કરાવવામા આવનાર છે. આ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓના આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટને લીંક કરી જમા કરવામા આવશે. જેથી વિદ્યાર્થીઓના આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ હોવા ફરજિયાત છે. જે ધ્યાને લઇ આપની કોલેજના અનુસુચિત જનજાતિના જે વિદ્યાર્થીઓ આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ ન ધરાવતા હોય તેમના આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ સત્વરે તૈયાર થાય તે અંગેની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે. શિષ્યવૃત્તિ ની દરખાસ્ત આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ વિના સ્વીકારવામા આવશે નહી. જે ધ્યાને લેવા તથા વિદ્યાર્થીઓને તે અંગેની જાણ કરવા વિનંતી છે.

મદદનીશ કમિશ્નર

આદિજાતિ વિકાસ

સુરત